# તમને કેવી જિંદગી માણવી ગમે?



**બાળપણ કેવું નિર્દોષ અને મસ્તમૌલા હોય છે. કમાવાની કોઈ ચિંતા નહીં બસ પોતાના જેવી કાલીઘેલી ભાષા બોલતા બાળસખા સાથે રમવાનું અને ખાઈપીને સૂઈ જવાનું પણ એ ખુશીભરી જિંદગી આજના સમયમાં માત્ર બે-ત્રણ વર્ષ સુધીની હોય. સ્કૂલમાં ભણવા જવાનું શરૂ થાય એ સાથે જિંદગીના ચઢાવઉતારની સમજ બાળકને થવા લાગે. કોલેજની સ્ટડી પૂરી થયા બાદ સ્ત્રીપુરુષ આર્થિક ઉપાર્જનમાં લાગી જાય, લગ્નના બંધનમાં બંધાઈ જાય, સમય જતાં બાળકોના જન્મ સાથે માતા-પિતાની ભૂમિકામાં આવી જાય અને પછી તેઓ પોતાની જિંદગીનું મૂલ્યાંકન કરવા લાગે છે કે તેઓ વર્તમાન જિંદગીથી કેટલાં ખુશ છે? હજી પણ જીવનમાં શું ખૂટતું લાગે છે, તેમને જિંદગી કેવી રીતે માણવી ગમે? અત્યારના સમયમાં માણસ ગમે તેટલો માલેતુજાર હોય પણ તેને પણ લાઈફમાં કાંઈક તો ખૂટતું લાગે જ છે. જે પૈસા કમાય છે તેને શુકુનભરી લાઈફની તલાશ હોય છે. અને જે મામૂલી નોકરી કરે છે તેને લક્ઝુરિયસ લાઈફ માણવી છે. હાઉસવાઈફ હોય તો તેને ઘરનાં કામોની બંદીશમાંથી નીકળી આઝાદીની હવા લેવી છે અને જે સ્ત્રી ઘરનો ઉંબરો ઓળંગીને નોકરી કરવા જાય છે તેને ઓફિસનાં કામોની જવાબદારીમાંથી નીકળીને શાંતિની લાઈફ માણવી છે. એક સમય એવો હતો કે લોકો થોડી કમાણી અને ટાંચાં ભૌતિક સાધનોમાં પણ જિંદગીની મજા માણી લેતાં પણ આજના સમયમાં 5 કે 6 આંકડામાં પગાર મેળવનાર કે બિઝનેસ કરી ઘરની તિજોરીઓ ભરતો માણસ પણ તેના જીવનમાં કાંઈક ખૂટતું અનુભવતો હોય છે. સુખ કે ખુશી એ મનની સ્થિતિ હોય છે. સુરતીઓ પોતાના વર્તમાન સમયની સ્થિતિથી કેટલા ખુશ છે, એમને હજી સુધી શું નહીં મેળવ્યાનો રંજ છે, તેમને જિંદગી કેવી રીતે માણવી છે? તે કેટલાક સુરતીઓ પાસેથી આપણે તેમના જ શબ્દોમાં જાણીએ.**

## મને ટીનેજર્સ જેવી જિંદગી ફરી માણવી છે: દર્શના ત્રિવેદી



સોનીફળિયા વિસ્તારમાં રહેતાં 44 વર્ષીય દર્શના ત્રિવેદી હોમ એપ્લાયન્સીસનો ઓનલાઈન બિઝનેસ કરે છે. તેમણે જણાવ્યું કે, ‘‘દરેક વ્યક્તિની જિંદગીમાં કાંઈક ને કાંઈક ખૂટતું જ હોય છે. લગ્ન પહેલાંની લાઈફમાં આપણે આપણા શોખ પૂરા કરી શકીએ છીએ પણ લગ્ન બાદ બાળકો, હસબન્ડ, ઘરનાં કામો- આ બધાંમાં સ્ત્રી પોતાની જિંદગી ખર્ચી નાખે છે. તેના પોતાના મોજશોખ પર કાતર ફરી જતી હોય છે. હું અત્યારની મારી લાઈફથી ખુશ છું પણ મને ઘણી વખત એવું થાય છે કે ટીનએજર હતાં ત્યારે આઝાદ લાઈફ હતી, મિત્રો સાથે ફરી શકતા, બધાં ફ્રેન્ડ્સ સાથે મળીને કોઈ ગેમ રમીને લાઈફની મજા લઈ શકતા. તે હવે ક્યાં રહ્યું છે! એટલે મને ટીનએજર્સ જેવી જિંદગી ફરી માણવાની ઈચ્છા છે. હું તો કોલેજનાં પગથિયાં જ નથી ચઢી. મને એવું થાય છે કે કોલેજની મજા માણવા મળી હોત તો મેં પણ કલાસ ભરવાને બદલે બંક મારવાની મજા લઈ લીધી હોત. મને એવું થાય છે કે પુરુષોની લાઈફ કેટલી બિન્ધાસ્ત છે, કેટલી આઝાદ છે. તેમને ઘરમાં કોઈ જવાબ આપવો નથી પડતો. કોઈ બંધન એમને નથી નડતું. હું પણ હવે છેલ્લા એક મહિનાથી મારા પોતાના માટે જીવવા લાગી છું. ગઈકાલે જ હું મારી ફ્રેન્ડ્સ સાથે ફિલ્મ જોઈ આવી. મને બહુ જ ગમ્યું હતું.’’ ●

## મારામાં આળસ બહુ છે. મને આળસ વગરની જિંદગી માણવી છે જેથી બધું જ મેળવવાનો ઉત્સાહ રહે: અંકિત વ્યાસ



અડાજણ ગામ વિસ્તારમાં રહેતાં 36 વર્ષીય અંકિત વ્યાસ ઇન્ડસ્ટ્રીયલ સેફટી મટિરિયલ્સના બિઝનેસ સાથે સંકળાયેલા છે. તેમણે વાતની શરૂઆત કરતા કહ્યું કે, ‘‘આ દુનિયામાં અમીર માણસને પણ લાઈફમાં કાંઈક તો ખૂટતું લાગતું જ હોય છે. હું મારી અત્યારની લાઈફમાં 100% ખુશ છું. મને જે જોઈએ એ બધું જ મારી લાઈફમાં છે. મારો પરિવાર છે, સારા મિત્રો છે, સારું કમાઉ છું એટલે મને લાઈફમાં કાંઈક ખૂટતું હોય એવું નથી લાગતું પણ હા, મારામાં આળસ વધારે છે એટલે મને એવું લાગે છે કે આળસ વગરની લાઈફ મને જોઈએ. આળસ નહીં હશે તો હું રેગ્યુલર એક્સરસાઈઝ કરી હંમેશાં ફિટ રહી શકીશ અને બીજું ઘણું અચિવ કરી શકીશ. હું બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરું છું. કોલેજમાં મિત્રો સાથે ભેગા મળીને પોકેટમનીમાંથી બ્લડ ડોનેશન કેમ્પ આયોજિત કરતા હતા. ત્યારે બ્લડ ડોનેશન કેમ્પ કરી બ્લડ એકત્રિત કરવાનું વિઝન હતું અને આવા કેમ્પનું આયોજન જ ના કરવું પડે તે મિશન હતું. આજની જનરેશનના બધા જ સ્વૈચ્છિક રીતે બ્લડ ડોનેટ કરતા થાય તો બ્લડ બેંકોને પૂરતું બ્લડ મળી રહે. જેથી બ્લડ ડોનેશન કેમ્પ કરવા નહીં પડે તે મિશન હતું. એ હજી પૂરું નથી થયું.’’ ●

## લક્ઝુરિયસ લાઈફ માણવી છે, ભવિષ્યમાં તેવી લાઈફ હશે જ: કૃણાલ મહેતા



અડાજણ વિસ્તારમાં રહેતાં 35 વર્ષીય કૃણાલ મહેતા બેંકર છે. તેમણે જણાવ્યું કે, ‘‘આપણા માનવીઓની ફિતરત જ એવી છે કે આપણને જેટલું મળે છે એટલું ઓછું જ લાગે છે પણ આપણે મહેનતથી જેટલું અચિવ કરી શકીએ છીએ અને જેટલું અચિવ કર્યું હોય તેને વાપરીએ, તેને માણીએ એમાં જ સાચી ખુશી છે. હું અને મારી વાઈફ બંને પોતપોતાના પ્રોફેશનમાં ખુશ છીએ અને એકબીજાને પૂરતો ટાઈમ આપી શકીએ છીએ, બાળકોને પણ પૂરતો ટાઈમ આપીએ છીએ. હા, મને લાઈફમાં કાંઈક ખૂટતું લાગતું હોય તો તે છે મારાં માતાપિતાની ખોટ. તેઓ જ્યારે હયાત હતાં ત્યારે અમે જે પોઝિશનમાં હતાં તેના પ્રમાણમાં અમે અત્યારે વધારે સારી રીતે સેટલ છીએ. મારાં માતાપિતાએ અમને આ સ્થિતિમાં જોયાં હોત ત્યારે તેઓને જે ખુશી મળી હોત તે જોઈને અમે વધારે ખુશ હોત. મને ફોરેન ટ્રીપ કરવી છે અને સરસ કાર વસાવવાની ઈચ્છા છે. ફોરેન ટ્રીપ કરી શકીએ, સમય મળે ત્યારે કારમાં લોન્ગ ડ્રાઈવ કરી શકીએ તેવી લાઈફ માણવી છે. લક્ઝુરિયસ લાઈફ માણવા માટે બનતી મહેનત કરી રહ્યો છું અને ભવિષ્યમાં તે મળી જશે એ ચોક્કસ છે. અત્યારે બાળકોનું ભવિષ્ય પણ જોવાનું છે એટલે લાઈફમાં થોડું જતું કરવાની ભાવના રાખું છું.’’ ●



## હું દોઢ વર્ષથી બીમાર છું, મને મારી પહેલાં જેવી જિંદગી માણવી છે: યતીન પરમાર

અડાજણ વિસ્તારમાં રહેતાં 31 વર્ષીય યતીન પરમાર છેલ્લાં દોઢ વર્ષથી બીમાર છે. એક વર્ષ તો તેઓ બેડ રેસ્ટ પર જ હતા પણ હવે વોકરના સહારે ચાલે છે. તેમણે વાતની શરૂઆત કાંઈક આવા અંદાજથી કરી ‘‘આ જિંદગી કેટલી છે... કોને ખબર? કયું પંખી ક્યારે ઊડી જાય કોને ખબર? જીવી લો થોડા પ્રેમથી, આ શ્વાસ ક્યારે દગો દઈ જાય કોને ખબર? દોઢ વર્ષ પહેલાં મારો ચાપત્તીનો બિઝનેસ હતો, હું એનિમલ રેસ્ક્યુની કામગીરી કરતો અને મને બાઈક લઈને ફરવા નીકળી જવાનું ગમતું પણ હું અચાનક બીમાર પડ્યો અને પથારીવશ થઈ ગયો. જો કે ફિઝિયોથેરાપીમાં જાઉં છું એટલે હમણાં 6 મહિનાથી વોકર લઈને ચાલતો થયો છું એટલે હવે જિંદગી માટે પોઝિટિવ થઈ ગયો છું. મને મારી પહેલાં જેવી લાઈફની મજા માણવી છે. પથારીવશ થતાં હું અંદરથી દુ:ખી થઈ ગયો હતો પણ હવે વોકરના સહારે ચાલતો થઈ ગયો છું એટલે રોજ હું નોટબુકમાં ત્રણ વખત લખીને ભગવાનનો આભાર માનું છું કે તેમણે મને ફરી થોડો થોડો ચાલતો કર્યો છે. રોજ મારા ફિઝિયોથેરાપિસ્ટ ડોક્ટરનો આભાર માનું છું. જેમને કારણે મારા શરીરનાં સ્નાયુ મજબૂત થઈ ગયા છે. હું સ્વસ્થ થઈ રહ્યો છું. અત્યારે મને ફરી પહેલાં જેવી લાઈફ માણવા મળશે એ વાતને લઈને ખુશ છું. મને મારી પત્ની ભાવિકા અને પહેલા જ્યાં હું જોબ કરતો હતો ત્યાંના મારા સાહેબ કૃણાલ સેનનો ઘણો સપોર્ટ મળ્યો છે.’’ ●



## ક્યારેક કયારેક હાઉસ વાઈફની જેમ આખો દિવસ ઘરમાં રહેવા મળે તેવી લાઈફ માણવી છે: ડૉ.નમ્રતા બુટાણી



પરફેક્ટ લાઈફ તો કોઈની નથી હોતી તે તો સપના જેવી હોય છે. આ શબ્દો છે અલથાણ વિસ્તારમાં રહેતાં 40 વર્ષીય ડૉ. નમ્રતા બુટાણીના. તેમણે જણાવ્યું કે, ‘‘હું અત્યારે તો મારી લાઈફમાં બહુ ખુશ છું પણ કાંઈક ખૂટતું હોય તો તે છે સમય. હું અને મારા હસબન્ડ બંને ડૉક્ટર છીએ. વળી, અમારા બંનેના ક્લિનિક અલગ છે. ડૉક્ટરની લાઈફ બહુ વ્યસ્ત લાઈફ હોય છે એટલે અમને બંનેને પોતાના માટે જેટલો સમય જોઈએ તે નથી મળતો એટલે ટાઈમ ખૂટતો હોય તેવું લાગે છે. હું લગભગ બધા જ હિલ સ્ટેશનો પર ફરી ચૂકી છું, પેરાગ્લાઈડિંગ પણ કરી ચૂકી છું પણ મેં બરફમાં ફરવાની મજા નથી માણી તે માણવી છે. ક્યારેક ક્યારેક હાઉસ વાઈફની જેમ આખો દિવસ ઘરમાં રહેવા મળે તેવી લાઈફ પણ જીવવાની ઈચ્છા છે. હું મારી ફ્રેન્ડ્સની સાથે ક્યારેક કયારેક જ પાર્ટી એન્જોય કરી શકું છું તે ફ્રિકવન્ટલી થાય તેવું જોઈએ. મારી બે દીકરીઓ છે તેમને પૂરતો સમય આપવા માંગું છું. ડૉક્ટર બનવું એ મારું બાળપણનું સપનું હતું એ પૂરું થયું છે. એનાથી હું બહુ ખુશ છું. બસ જીવનમાં એક સમય ખૂટતો હોય એટલી જ કમી લાગે છે.’’ ●

## પૈસા માટે ભાગદોડ નથી કરવી, જેમાં ખુશી મળે તે કરવું છે: મલ્લિકા ભટ્ટ



નવસારીમાં રહેતાં 36 વર્ષીય મલ્લિકા ભટ્ટ કોલેજમાં પ્રોફેસર છે. તેમણે જણાવ્યું કે, ‘‘હું તો શાંતિપ્રિય માણસ છું. મને શાંતિભર્યું જીવન જીવવું ગમે. હું જોઈન્ટ ફેમિલીમાં નાનીથી મોટી થઈ. 2011માં મેરેજ થયા અને સાસરીમાં આવી. અહીં નાનું કુટુંબ છે. 4 વર્ષ પહેલાં મારાં સાસુમાનું નિધન થતાં ઘરમાં એકલું એકલું લાગે. મને એવું ફીલ થાય કે ઘરમાં વધારે સભ્યો હોવા જોઈએ જેથી ઘર ભર્યુંભર્યું લાગે. 4 દિવસ પહેલાં હું મેરેજ ફંકશનમાં મામાના ઘરે બારડોલી ગઈ હતી ત્યાં ફેમિલીના 200 જણા ભેગા થયા હતા ત્યારે બહુ સારું લાગેલું. મને ઘણી વખત એવું ફીલ થતું હોય છે કે જેમ જેમ મોટાં થતાં ગયાં જીવન બદલાતું ગયું. ભૌતિક સુખસુવિધા વધી છે પણ તેની સામે તણાવભર્યું જીવન થોડું વધી રહ્યું છે. પહેલાં જેવી શાંતિ હવેના જીવનમાં નથી લાગતી. પૈસા માટે દોડધામ નથી કરવી પણ ફેમિલી સાથે ટાઈમ સ્પેન્ડ કરીએ, નાનીમોટી જગ્યાઓ પર ફરવા જઈએ અને જેમાં ખુશી મળે તે કરવા માંગીએ છીએ.’’ ●

ખુશીની વ્યાખ્યા શું છે? જ્યારે જીવનમાં બધું જ ઠીકઠાક ચાલતું હોય ત્યારે તમે ખુશ છો એવું કહી શકાય પણ એવું દરેકના જીવનમાં નથી હોતું. આપણે કોઈને પૂછીએ ને કે તમે તમારા વર્તમાનથી ખુશ છો? ત્યારે જવાબ મળશે આમ તો હું ખુશ છું પણ થોડુંક ખૂટે છે. દરેકને જે મળે છે એનાથી વધારે જોઈતું હોય છે. ઘણા એવા લોકો છે જેમનું માનવું હોય છે કે ટીનએજમાં જીવનમાં જે સુખ હતું, જે બેફિકરાઈભર્યું જીવન હતું તે હવે કયાંક ખોવાઈ ગયું છે. હવે ધન કમાવાની ચિંતા, ઘરની જવાબદારીઓને કારણે જીવન તાણભર્યું બન્યું છે. તમે કોઈને પૂછશો ને કે તેમને કેવી જિંદગી માણવી છે ત્યારે જવાબ આવશે મને મારા ભૂતકાળની જિંદગી ફરી માણવી છે. દરેક વ્યક્તિ પોતાની લાઈફમાં કાંઈક એવું મેળવવા માંગતી હોય છે જેનાથી તેને પોતાની જિંદગી પોતાની રીતે માણી રહ્યા હોવાનું અહેસાસ થાય છે પણ વાસ્તવિકતા જુદી હોય છે.